Seat No. : 42

# MO-138

**March-2019**

**B.Ed., Sem.-IV**

**B-101 : Gujarati**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) તમામ પ્રશ્નો ફરજીયાત છે.

(2) વિકલ્પો આંતરિક છે.

1. (a) નીચેના કોઈપણ એક પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : 14

(1) 'માનવીની ભવાઈ' નવલકથાનો સારાંશ લખો તથા મુખ્ય પાત્રોનો પરિચય આપો.

(2) માતૃભાષાનાં શિક્ષકની લાયકાત તથા ઉત્તરદાયિત્વ વિશે વિસ્તૃત નોંધ લખો.

અથવા

(1) ગુજરાતી ભાષામાં પ્રથમવાર આપવામાં આવેલ જ્ઞાનપીઠ એવાર્ડ કઈ કૃતિને મળેલ હતો ? તેની વિશિષ્ટતાઓ અંગે નોંધ તૈયાર કરો.

(2) રાજેન્દ્ર શાહનાં જીવન અને કવન વિશે વિગતવાર નોંધ તૈયાર કરો.

(b) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નના ઉત્તર આપો : 4

(1) જ્ઞાનપીઠ એવાર્ડ મેળવનારા ગુજરાતી સાહિત્યકારોની યાદી આપો.

(2) ઉમાશંકર જોષીની કોઈપણ ત્રણ કૃતિઓના નામ આપો.

(3) છેલ્લો જ્ઞાનપીઠ એવાર્ડ કયા સાહિત્યકારને ફાળે જાય છે ?

(4) ભાષા શિક્ષણમાં કયા ગુણ વિશેષ હોવા જોઈએ ? કોઈપણ ત્રણ ગુણ જણાવો.

(5) 'અમૃતા' નવલકથાનાં પાત્રો જણાવો.

(6) "ભૂખ કરતાં ભીખ ભૂંડી" આ વાક્ય કઈ નવલકથાનું છે ?

2. (a) નીચેના કોઈપણ એક પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : 14

(1) કોઈપણ એક એકમ (માતૃભાષાના) ને ધ્યાનમાં રાખી તેનાં સામાન્ય તથા પ્રત્યેક સામાન્યનાં ત્રણ-ત્રણ વિશિષ્ટ હેતુઓની નોંધ તૈયાર કરો.

(2) સમાજનાં મૂલ્યના ઘડતરમાં ભાષા તથા ભાષાશિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરો.

અથવા

(1) સામાન્ય હેતુઓનું આલેખન કરતી વખતે કઈ કઈ પાયાની બાબતોનું ધ્યાન રાખશો ?

(2) વૈશ્વિક હેતુ એટલે શું ? તેનું મહત્ત્વ સમજાવો.

geniusguruji.in

3

(b) કોઈપણ ત્રણ પ્રશ્નના ઉત્તર આપો :

(1) જ્ઞાનાત્મક અને ભાવાત્મક હેતુનાં બે ઉદાહરણ આપો.

(2) માતૃભાષાનાં શિક્ષકની વ્યાવસાયિક લાયકાત કઈ કઈ હોવી જરૂરી છે ?

(3) મૂલ્ય શિક્ષણ અને ભાષા શિક્ષણમાં કયા પ્રકારે સમાનતા શોધી શકાય ?

(4) 'વર્તનમાં પરિવર્તન' ને ધ્યાનમાં રાખી શ્રવણ કૌશલ્યનાં સંદર્ભે બે વિશિષ્ટ હેતુઓ નોંધો.

(5) "માતૃભાષા શિક્ષણ વ્યક્તિનાં જીવન પર અસર કરે છે." વિધાનની સત્યતા માટે દલીલ કરો.

3. (a) નીચેના કોઈપણ એક પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : 14

(1) પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. સમજાવો.

(2) ભાષા પ્રયોગશાળા એટલે શું ? તેમાં કયા – કયા સાધનો અને સગવડો જરૂરી છે ?

અથવા

(1) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દરમિયાન માતૃભાષા કેવી રીતે ઉપયોગી થઈ શકે ? ઉદાહરણસહ સમજાવો.

(2) ધોરણ-9 ના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરો.

(b) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો : 4

(1) માતૃભાષાનાં પાઠ્યપુસ્તકનાં કોઈપણ બે આંતરીક લક્ષણો જણાવો.

(2) ગુજરાતી ભાષાનાં વિકાસ માટે કઈ-કઈ સંસ્થાઓ કામ કરે છે ?

(3) માતૃભાષાનાં શૈક્ષણિક સાધન-સામગ્રીનાં કેટલાં પ્રકાર છે ? દરેકનાં ત્રણ-ત્રણ ઉદાહરણો આપો.

(4) ભાષા પ્રયોગ શાળામાં દશ્ય-શ્રાવ્ય સાધનોની યાદી આપો.

(5) જોડણીકોષ અને જ્ઞાનકોષમાં કયો તફાવત હોય છે ?

(6) 'ભગવદ્ગોમંડળ' ના રચયિતાનું નામ આપો.

4. (a) નીચેના કોઈપણ એક પ્રશ્નસમૂહનો ઉત્તર આપો : 14

(1) "સમાચારપત્ર સમાજનો અરીસો છે." વિધાન સમજાવો.

(2) ભાષા શિક્ષણમાં અલંકાર અને છંદની ઉપયોગિતા ઉદાહરણસહ સાબિત કરો.

અથવા

(1) અલંકારનો અર્થ આપી કોઈપણ બે અલંકારની ઉદાહરણસહ સમજૂતી આપો.

(2) ગદ્ય સમીક્ષા એટલે શું ? ભાષા શિક્ષકે ગદ્ય સમીક્ષા કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે ?

(b) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો :

(1) ઉપમા અલંકારનાં ત્રણ ઉદાહરણ આપો.

(2) ભાષાને લગતા ત્રણ સામયિકોનાં નામ આપો.

(3) પદ્ય સમીક્ષા એટલે શું ?

(4) સમાચારપત્રોમાં તંત્રીલેખનું મહત્ત્વ શું હોય છે ?

(5) પૃથ્વી છંદનું બંધારણ તેમજ ઉદાહરણ આપો.



geniusguruji.in